વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર (મહેસૂલ)માંથી SDRF
હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
**હુકમ ક્રમાંક: બજટ/૧૦૨૦૨૦/૧૮૮/સ-૪**
સચિવાલય, ગાંધીનગર
તા.૦૯/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો તા.૦૩.૦૪.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપબ/ ૧૦૨૦૨૦/ ૧૧૧/ ક

(૨) ભારત સરકારનાગૃહ મંત્રાલયનો તા.૦૮/ ૦૪/ ૨૦૧૫નો પત્ર ક્રમાંક નં. 32-7/2014-NDM-I

(૩) મહેસૂલ વિભાગનો તા.૨૭.૦૪.૨૦૧૫ અને ૩૦.૦૬.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩

(૪) મહેસૂલ વિભાગની ફાઇલ ક્રમાંક: CLS/102021/647/S-3 પર તા.૦૭.૦૬.૨૦૨૧ના રોજ મળેલ State Executive Committeeની મંજૂરી.

(૫) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગનો તા.૦૪.૦૬.૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: એફડીવી/૧૨૨૦૨૧/૬૩૧/ટ

**હુકમ :**

રાજ્યમાં મે-૨૦૨૧માં આવેલ Tauktae વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ રાજ્યના માછીમારોને સહાય કરવા માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમ (૫)ના ઠરાવાથી મત્સ્યોદ્યોગ રાહત પેકેજ-૨૦૨૧ જાહેર કરવામાં આવેલ છે. મત્સ્યોદ્યોગ રાહત પેકેજ-૨૦૨૧ હેઠળ SDRFમાંથી રૂ.૧૦૦.૦૦ લાખ(અંકે રૂપિયા સો લાખ પુરા)ની ગ્રાન્ટ મેળવવા માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા મહેસૂલ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ દરખાસ્ત પર State Executive Committeeએ વંચાણે લીધા (૪)થી મંજૂરી આપેલ છે.

આથી માંગણી ક્રમાંક: ૭૯, મુખ્ય સદર: ૨૨૪૫ હેઠળના પેટા સદર ૦૨-૧૧૮-૦૧ (હેતુ સદર સી-૫) (માછીમારો માટે નુકશાન પામેલ હોડીઓ અને સાધનસામગ્રીની મરામત માટે સહાય) સદરે રૂ. ૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા સો લાખ પુરા)ની ગ્રાન્ટ SDRFમાંથી ઉપ સચિવશ્રી (બજેટ) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના હવાલે મુકવામાં આવે છે.

શરતો :

- વંચાણે લીધા(૩)ના ઠરાવની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- લાભાર્થીને સહાયની ચૂકવણી મહેસૂલ વિભાગના તા.૩૦.૦૬.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૭/GOI-42/સ.૩ની જોગવાઇઓને આધારે કરવાની રહેશે. આ ઠરાવની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આ ગ્રાન્ટ અંગેનો ખર્ચ/ફાળવણી વંચાણે લીધા (૨) અને (૩) ની જોગવાઇઓને ધ્યાને લઇને કરવાનો રહેશે.
- આ અંગેના તમામ હિસાબો મુખ્ય હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ હસ્તકના આર.એ.સેલને નિભાવવાના થતા હોઇ, કરેલ ખર્ચના હિસાબો પછીના માસની પાંચ તારીખ સુધીમાં અચૂક મોકલવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયેશ પંચાલ))
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- ઉપ સચિવશ્રી (બજેટ) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવલાય, ગાંધીનગર.
- મુખ્ય હિસાબી અધિકારી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના-

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાયબ એકાઉન્ટન્ટ જનરલની કચેરી, ઓડીટ ભવન સામે, નવરંગપુરા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ
- સેકશન અધિકારી (સ-૩) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ સ-૪ શાખા